વડોદરા મહાનગરપાલિકાના વિવિધ વિભાગો દ્વારા પ્રસિધ્ધ થતા ટેન્ડરોમાં વપરાતા મટીરીયલ અર્થે વેન્ડર રજીસ્ટ્રેશન કમિટી દ્વારા એપ્રુવ્ડ કરેલ વેન્ડર્સ નો વેન્ડર લીસ્ટમાં સમાવેશ કરવા બાબત.

**સીટી એન્જીનિયરશ્રીની કચેરી**
**મહાનગરપાલિકા, વડોદરા.**
**પરિપત્ર અંક: ૦૩ ૨૦૨૩-૨૦૨૪**
**તા.૧૩ -૦૭ -૨૦૨૩.**

OFFICE OF CITY ENGINEER
OUTWARD NO: 241
DATE : 13/07/23

વડોદરા મહાનગરપાલિકા દ્વારા શહેરના માળખાકીય વિકાસ અર્થે પ્રોજેક્ટ તથા ઝોન કક્ષા દ્વારા જુદા-જુદા આંતરમાળખાકીય વિકાસના કામો હાથ ધરવામાં આવે છે. સદર વિકાસના કામોમાં સિવિલ/ મિકેનીકલ/ ઇલેક્ટ્રીકલ તેમજ અન્ય વિભાગોની કામગીરી માટે જુદા-જુદા મટીરીયલ જેવા કે સ્ટીલ, સીમેન્ટ,પાઈપ્સ,કેબલ્સ, વિવિધ પ્રેશર વાલ્વસ વિગેરેનો ઉપયોગ કરવામાં આવતો હોય છે. તેમજ આ પ્રકારના મટીરીયલના સપ્લાય તથા તેનો વિવિધ વિભાગો દ્વારા પ્રસિધ્ધ થતા ટેન્ડર્સમાં એપ્રુવ્ડ વેન્ડર (બ્રાન્ડ) તરીકે સમાવેશ કરવાની પધ્ધતિ અમલમાં છે.

સદર બાબતે વેન્ડર રજીસ્ટ્રેશન અંતર્ગતના નિયમો/માર્ગદર્શિકા સહની વિગતો માન.મ્યુનિસિપલ કમિશનરશ્રી સમક્ષ રજુ કરતાં તા.૦૧-૧૧-૨૦૧૫ થી વેન્ડર એપ્રુવલ અંગેની માર્ગદર્શિકા તેમજ કમિટીના સભ્યોની નિમણુંક અંગે મળેલ મંજુરી અન્વયે વેન્ડર કમિટીની બેઠક તા.૧૧-૦૫-૨૦૨૩ ના રોજ યોજાયેલ. વેન્ડર કમિટીની બેઠકમાં સંબંધિત ઉપયોગકર્તા વિભાગના કાર્યપાલક ઇજનેરશ્રીના વેન્ડર લીસ્ટમાં સમાવેશ કરવા બાબતે અભિપ્રાય મળેલ છે. સંબંધિત વિભાગના અભિપ્રાય સાથેની Annexure-A મુજબના કુલ ૧૩ વેન્ડરોની વિગતો વેન્ડર કમિટી સમક્ષ રજુ કરવામાં આવેલ છે. વેન્ડર કમિટીના સભ્યો તરફથી રજુ થયેલ ડોક્યુમેન્ટ્સ અને અભિપ્રાય ધ્યાને લીધેલ છે. સદર Annexure-A મુજબના વેન્ડરો પૈકી અનુ-૧,૨,૩,૪,૫,૬,૭ અને ૯ ને વડોદરા મહાનગરપાલીકાના એપ્રુવ્ડ વેન્ડર લિસ્ટમાં સમાવેશ કરવા અને રજીસ્ટ્રેશન આપવા માટે કમિટીના સભ્યો તરફથી સર્વાનુમતે હકારાત્મક અભિપ્રાય મળેલ છે. Annexure-A મુજબના વેન્ડરો પૈકી અનુ-૧,૨,૩,૪,૫,૬,૭ અને ૯ ને એપ્રુવ્ડ વેન્ડર તરીકે રજીસ્ટ્રેશન આપવા માટે કમિટીના સભ્યોએ મંજુરી આપવા ભલામણ કરેલ છે અને વેન્ડર લિસ્ટમાં એપ્રુવ્ડ વેન્ડર તરીકે સમાવેશ કરવા માટે સર્વાનુમતે બહાલી આપેલ છે. જે સંદર્ભે વેન્ડર કમિટીએ Annexure-A મુજબના અનુ-૧,૨,૩,૪,૫,૬,૭ અને ૯ મુજબના વેન્ડરોને સર્વાનુમતે એપ્રુવ્ડ વેન્ડરની યાદીમાં સમાવેશ કરવાનું ઠરાવવામાં આવે છે.